# ભાવ મનના હોય કંઈ એવા, ન સમજાય! શબ્દથી એ ભાવ ઉપસાવી શકાશે?

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

કોસંબામાં ગોકુલધામમાં કનુભાઈ પટેલનું ઘર તો નાનું છોકરુંય બતાવે કેમ કે એક તો કોસંબા નાનું ગામ અને કનુભાઈ વરસોથી અહીં રહેતા હતા. ખેતી એમનો વ્યવસાય પણ એમની પ્રામાણિકતા અને ગામલોકો સાથેનો એમનો વ્યવહાર લોકો યાદ રાખીને એમનું સન્માન કરતા.

“સાંભળ્યું,” એક સાંજે જમતી વખતે કનુભાઈની પત્ની શ્રધ્ધાએ કહ્યું, “આપણે મનુને હવે નિશાળે ક્યારે બેસાડવો છે?”

“બસ, આ જૂનમાં જ,” કનુભાઈ બોલ્યા, “અને પછીના જૂનમાં ધીરેનને પણ નિશાળે બેસાડીશું.”

“મારે તો બેય છોકરાઓને ભણાવીગણાવીને ડૉક્ટર બનાવવા છે,” શ્રધ્ધાએ હસીને કહ્યું, “ઘરમાં બે બે ડૉક્ટર હોય તો કેટલું સારું? એકની હોસ્પિટલ અહીં કરીશું ને એકની હોસ્પિટલ સુરતમાં કરીશું. ધનના ઢગલા થઈ જશે.” “ધન તો આપણને ખેતીની આવકમાંથી પણ જોઈએ એટલું મળે છે શ્રધ્ધા,” કનુભાઈ બોલ્યા, “પચાસ વિઘા જમીન છે, ધનની આપણે ક્યાં ફિકર છે ? ફિકર હવે ઉંમરની છે.” મનુ અને ધીરેન જમતાં જમતાં એમની વાતો સાંભળતા હતા.

“પપ્પા,” મનુ બોલ્યો, “આપણે એક સાથી રાખ્યો છે તો હવે બીજો સાથી પણ રાખી લઈએ તો?” “સાથી તો રાખી લેવાય બેટા,” કનુભાઈ બોલ્યા, “પણ જ્યાં સુધી મારી જાત ચાલે છે, હું કડેધડે છું ત્યાં સુધી બીજા સાથીની શી જરૂર છે? જ્યારે શરીર કામ નહીં કરે ત્યારની વાત ત્યારે. અત્યારે તો તમારા ભણવાની વાત જ કરવાની.”

જૂન મહિનો આવ્યો ને મનુ શાળામાં પહેલા ધોરણમાં દાખલ થયો. એ દિવસે કનુભાઈનો આનંદ પણ ખેતરના ચાસેચાસમાં હિલોળા લેતો હતો. શ્રધ્ધાએ લાપસીનું આંધણ મૂક્યું. ધીરેન પણ ભાઈની સાથે પહેલા દિવસે એને મૂકવા પિતાજીની સાથે જ નિશાળે ગયો હતો.

બીજા અઠવાડિયે મનુ માટે નવા કપડાં લેવાની તૈયારી થઈ.

“સાંભળ્યું,” શ્રધ્ધાએ કહ્યું, “મનુ હવે ભણવા જાય છે, તો એને નવાં કપડાં અપાવીએ. તૈયાર અપાવવાં છે કે સીવડાવવાં છે?”

“અરે ગાંડી,” કનુભાઈ બોલ્યા, “સીવડાવવાનો જમાનો તો હવે લગભગ પૂરો થવા આવ્યો, હવે તો તૈયાર કપડાંનો જમાનો છે. કાલે તું મનુને લઈને બજારમાં જજે ને એને નવાં કપડાં અપાવી દેજે. ધીરેનને પણ જોઈએ તો નવાં કપડાં અપાવી દેજે.”

“ના પપ્પા,” ધીરેન બોલ્યો, “મોટાભાઈનાં કપડાં સરસ જ છે, તમે એમને નવાં કપડાં અપાવો, હું એમનાં જૂના કપડાં પહેરીશ. મારે ક્યાં શાળામાં જવાનું છે?” “વાહ દીકરા,” શ્રધ્ધા બોલી, “તને ભાઈ ઉપર કેવું હેત છે!” મનુ તો ધીરેન સામે જોઈ જ રહ્યો.

એ રાત્રે તો બધાં નિરાંતે સૂતાં. કનુભાઈ ખેતરમાં જવા માટે વહેલા જાગ્યા. એ વખતે ધીરેન પણ એમની સાથે જાગી ગયો.

“તું કેમ વહેલો જાગી ગયો બેટા ?” કનુભાઈ બોલ્યા, “જા, સૂઈ જા, સવાર પડવાને હજી થોડી વાર છે.” “તો પછી તમે કેમ વહેલા જાગ્યા પપ્પા?” ધીરેને પૂછ્યું. “અરે, મારે તો ખેતરે જવાનું છે બેટા,” કનુભાઈ બોલ્યા, “ચીકુડીઓને પાણી પાવાનો આજે વારો છે એટલે વહેલા જવું પડશે.”

“પપ્પા,” ધીરેન બોલ્યો, “મારે પણ ખેતરે આવવું છે, મારે પણ ખેતી જોવી છે, શીખવી છે.” “તું નાનો છે બેટા,” કનુભાઈ હસ્યા, “અત્યારે સૂઈ જા, થોડો મોટો થા, પછી મારી સાથે આવજે.”

“ના પપ્પા,” ધીરેન બોલ્યો, “અત્યારથી શીખવા મળે એ સારું, પછી તો મારે ભણવા બેસવાનું છે. અત્યારે હું કૈં કામ નહીં કરું, બસ, જોયા કરીશ.”

“સારું, ચાલ,” કનુભાઈ બોલ્યા, “મારી જોડે ટ્રેક્ટર પર બેસી જા.”

બન્ને ટ્રેક્ટર પર સવાર થયા ને કનુભાઈએ ટ્રેક્ટર ચાલુ કર્યું.

“આપણું ખેતર કઈ બાજુ છે પપ્પા?” ધીરેને પૂછ્યું.

“ઉંટીયાદરા જવાના રસ્તે છે,” કનુભાઈએ જવાબ આપ્યો, “લગભગ સાતેક કિલોમીટર થાય.”

થોડી વારમાં બન્ને ખેતરે પહોંચી ગયા. ધીરેનને આટલું મોટું ખેતર જોઈને આશ્ચર્ય થયું. એક તરફ ચીકુનાં ઝાડ હતાં, બીજી તરફ થોડા આંબા પર થોડી ઘણી કેરીઓ હતી ને બાકીના ખેતરમાં ઉનાળુ મગફળી વાવેલી હતી.

કનુભાઈએ ઓરડીમાંથી સાથીને જગાડ્યો ને બોર ચાલુ કરાવ્યો. એ પછી એમણે ચીકુડીઓને પાણી પાવાનું શરૂ કર્યું. લગભગ એકાદ કલાક એમનું કામ ચાલ્યું ને એ એક કલાક દરમ્યાન ધીરેન ખેતરનું નિરીક્ષણ કરતો રહ્યો.

પાણી પાયા પછી કનુભાઈએ સાથી જોડે થોડી વાતચીત કરી અને પછી બાપ-દીકરો ઘર તરફ રવાના થયા.

સમય સરતો ગયો. માર્ચ-એપ્રિલ આવ્યા, પરીક્ષાઓ પતી. મનુ આખા વર્ગમાં પહેલા નંબરે પાસ થયો હતો. ફરી એક વાર કનુભાઈના ઘરમાં આનંદ છવાયો.

જૂન મહિનામાં ધીરેનને પણ પહેલા ધોરણમાં દાખલ કર્યો. હવે બન્ને ભાઈઓ સાથે જ શાળાએ જતાં. મનુ હંમેશાં પહેલા નંબરે પાસ થતો ને ધીરેન માત્ર પાસ થતો!

કોસંબાની શેરીઓમાં સૂરજ ક્ષગતો ને આથમતો રહ્યો ને મનુ હાઈસ્કૂલમાં બારમા ધોરણમાં આવ્યો ને ધીરેન અગિયારમા ધોરણમાં.

બારમા ધોરણમાં મનુએ સાયન્સના વિષયો રાખેલા. એણે બારમા ધોરણની પરીક્ષા આપી. પરિણામ આવ્યું ને એ પ્રથમ વર્ગ સાથે પાસ થયો. હવે મેડિકલ કોલેજ માટે જોઈતા ટકા એને હતા એટલે સુરતની મેડિકલ કોલેજમાં એને એડમિશન પણ મળી ગયું.

હવે ધીરેન બારમા ધોરણમાં આવ્યો. એ સમયગાળામાં કનુભાઈની તબિયત થોડી લથડી. એ થોડું ચાલતા પણ હાંફી જતા. વજનદાર વસ્તુ ઊંચકતા પણ એમને થાક લાગતો.

એક વખત બિયારણની ગૂણ એ ઊંચકીને ટ્રેક્ટરમાં મૂકવા જતા હતા ને ધીરેન એમને જોઈ ગયો. એ દોડતો ટ્રેક્ટર પાસે આવ્યો.



**હું તો હવે ખર્યું પાન છું. મારી જિંદગીનો કોઈ ભરોસો નથી, હોસ્પિટલમાંથી હું પાછો આવીશ કે કેમ એ પણ નક્કી નથી પણ ત્યાં જતા પહેલાં મારી એક વાત સાંભળી લો**

“પપ્પા,” એણે કહ્યું, “તમે રહેવા દો, હું ગૂણી ટ્રેક્ટરમાં મૂકી દઉં છું. તમને થાક લાગે છે. હવેથી તમારે મને જ આવું કામ બતાવી દેવાનું.” ધીરેને બિયારણની ગૂણી ટ્રેક્ટરમાં મૂકી અને ટ્રેક્ટર ચાલુ કર્યું.

“પપ્પા,” એણે કહ્યું, “તમે બેસો મારી પાસે, આપણે ખેતરમાં જઈને બિયારણ સાથીને આપી આવીએ.”

કનુભાઈ તો ધીરેનની સામે જોઈ જ રહ્યા, પછી ધીમેથી એ ટ્રેક્ટરમાં ધીરેનની બાજુમાં બેઠા. સાથીને બિયારણની ગૂણી આપીને બન્ને પાછા ઘેર આવ્યા ને પછી જમવા બેઠા.

“આજે તારે હાઈસ્કૂલ નથી જવાનું બેટા?” કનુભાઈએ જમતી વખતે પૂછ્યું.

“આજે નથી જવું,” ધીરેન બોલ્યો, “આજે ખાસ પિરિયડ નથી એટલે ચાલશે.”

કનુભાઈ કશું બોલ્યા નહીં.

ફરી મનુ માટે નવાં કપડાં લેવાયાં ને મનુનાં જૂનાં કપડાં ધીરેને સ્વીકારી લીધાં. એ કપડાં એને દર વખતની જેમ બરાબર ફીટ પણ આવી ગયાં.

“તું કેમ નવાં કપડાં નથી લેતો બેટા?” શ્રધ્ધાએ ધીરેનને પૂછ્યું.

“મારે જરૂર નથી મમ્મી,” ધીરેન બોલ્યો, “મોટા ભાઈને તો ડૉક્ટર બનવાનું છે એટલે નવાં કપડાં કોલેજમાં જોઈએ, હું તો હજી હાઈસ્કૂલમાં છું.”

“તારે પણ ડૉક્ટર જ બનવાનું છે દીકરા,” શ્રધ્ધા હસી, “તું પણ નવાં કપડાં લે.”

“બારમા ધોરણનું પરિણામ આવે,” ધીરેને કહ્યું, “પછી હું નવાં કપડાં લઈશ.” એનો અભ્યાસ સરસ ચાલતો રહ્યો. વર્ગમાં શિક્ષકોના પ્રશ્નોના જવાબો પણ એ સરળતાથી આપતો. પહેલી ટેસ્ટમાં એનો આખા વર્ગમાં પ્રથમ નંબર હતો. એ પછી પ્રિલિમ આવી. પ્રિલિમમાં પણ આખા વર્ગમાં એ પ્રથમ હતો.

જો કે વર્ષ દરમ્યાન એ લગભગ દર બીજા દિવસે પિતાજીની સાથે ખેતરમાં જતો. એની એ દિવસની ગેરહાજરી નોંધાતી.

બારમા ધોરણની બોર્ડની પરીક્ષાનાં ફોર્મ ભરવાનાં ચાલુ થયાં. ધીરેને પણ ફોર્મ ભર્યું પણ તદ્દન ઓછી હાજરી હોવાના લીધે એનું ફોર્મ રિજેક્ટ થયું ! આટલો હોંશિયાર હોવા છતાં એ પરીક્ષામાં બેસી ન શક્યો, એનો એના શિક્ષકોને પણ રંજ હતો.

“ફોર્મ આ વખતે ન ભરાયું તો વાંધો નહીં બેટા,” કનુભાઈએ કહ્યું, “હવે ફરી વાર નિયમિત હાજરી આપજે ને પરીક્ષા આપજે.”

“હવે મારે પરીક્ષા નથી આપવી પપ્પા,” ધીરેને કહ્યું, “આટલું ભણ્યો એ ઘણું છે. મારે ડૉક્ટર નથી થવું. હું તમારી સેવા કરીશ ને ખેતરનો બોજો સંભાળવાની જવાબદારી હવે મારી છે. તમારે હવે કોઈ પણ કામ કરવાનું નથી.” “એવું ના ચાલે બેટા,” કનુભાઈ બોલ્યા, “તારે પણ ડૉક્ટર બનવાનું છે.” “મારે ડૉક્ટર નથી બનવું,” ધીરેન બોલ્યો, “આપણું ખેતર એ જ મારી મેડિકલ કોલેજ છે, હું ત્યાં અભ્યાસ કરીશ.” કનુભાઈએ અને શ્રધ્ધાએ એને બહુ સમજાવ્યો, મનુએ પણ એને સમજાવ્યો પણ એ ન જ માન્યો. કનુભાઈની તબિયત હવે વધારે બગડતી જતી હતી એટલે એમણે પછી ધીરેનને ભણવાનો બહુ આગ્રહ ન કર્યો. સમય પસાર થતો રહ્યો. થોડાં વરસોનાં વહાણાં વાયાં. કનુભાઈ હવે લગભગ પથારીવશ હતા. એક દિવસ મનુ સુરતથી ઘારીનું બોક્ષ લઈને આવ્યો ને શ્રધ્ધા અને કનુભાઈના પગે પડ્યો, ધીરેનને ભેટી પડ્યો. “પપ્પા,” મનુ બોલ્યો, “મારું પરિણામ આવી ગયું, હું એમ.બી.બી.એસ. થઈ ગયો! હવે હું ડૉક્ટર બની ગયો!”

શ્રધ્ધાએ બજારમાંથી પેંડા મંગાવીને આખી સોસાયટીમાં વહેંચ્યા.

બીજા દિવસે કનુભાઈની તબિયત વધારે બગડી. એમને શ્વાસ લેવામાં પણ હવે તકલીફ પડતી હતી. મનુએ એમને તપાસ્યા તો એને ખ્યાલ આવ્યો કે એમને હાર્ટનો પ્રોબ્લેમ છે. હોસ્પિટલમાં દાખલ કરવા પડશે. એણે મમ્મીને વાત કરી. કનુભાઈ સાંભળતા હતા.

“સાંભળ દીકરા,” કનુભાઈ બોલ્યા, “મને હોસ્પિટલમાં દાખલ કરો એ પહેલાં મારે તમને બન્ને દીકરાઓને એક વાત કહેવી છે. બેસો મારી પાસે.”

મનુ, ધીરેન અને શ્રધ્ધા એમના પલંગની બાજુમાં ગોઠવાઈ ગયાં.

“જુઓ,” કનુભાઈ બોલ્યા, “હું તો હવે ખર્યું પાન છું. મારી જિંદગીનો કોઈ ભરોસો નથી, હોસ્પિટલમાંથી હું પાછો આવીશ કે કેમ એ પણ નક્કી નથી પણ ત્યાં જતા પહેલાં મારી એક વાત સાંભળી લો.”

“બોલો પપ્પા,” મનુ બોલ્યો.

“આપણું ખેતર પચાસ વિઘાનું છે,” કનુભાઈ રૂંધાતા અવાજે બોલ્યા, “ઘણી મોટી મિલકત કહેવાય. એનો અર્ધો ભાગ એટલે કે, પચીસ વિઘા મનુના અને પચીસ વિઘા ધીરેનના રહેશે અને બેન્કમાં લગભગ વીસેક લાખ રૂપિયા છે, એમાં પણ બન્નેનો અર્ધો ભાગ ગણી લેજો. મકાનમાં પણ મારી ને તમારી મમ્મીની હયાતી પછી એ જ રીતનો ભાગ ગણી લેજો.”

“બસ?” મનુ બોલ્યો, “બીજું કઈ કહેવાનું છે?”

“તમે બન્ને સમજુ છો,” કનુભાઈ હાંફતા અવાજે બોલ્યા, “મિલકત માટે ઝગડો ન જ કરો એવા છો છતાં મેં મારી ફરજ ગણીને તમને કહ્યું, એ પ્રમાણે કરજો.”

“પપ્પા,” મનુ બોલ્યો, “તમને કશું થવાનું નથી છતાં તમે જે કહ્યું એના જવાબમાં હું કહું છું કે, મારે જમીન કે પૈસા કે મકાનમાંથી એક રૂપિયાનો પણ હિસ્સો નથી જોઈતો. એ બધું ધીરેનને જ હું આપું છું. મારે કૈં જોઈતું નથી.”

“કેમ બેટા?” શ્રધ્ધાએ આશ્ચર્યથી પૂછ્યું.

“તમને ખબર નથી,” મનુ બોલ્યો, “પણ ધીરેન વિષે મને ખબર છે. એણે અત્યાર સુધી નવાં કપડાં લીધાં નથી, એ મારા માટે ને હાઈસ્કૂલના શિક્ષકે હમણાં જ મને વાત કરી કે, ધીરેન જાણીજોઈને હાઈસ્કૂલમાં નહોતો આવતો, જેથી એનું ફોર્મ રિજેક્ટ થાય ને એ પરીક્ષા ન આપી શકે, બાકી એ મારા કરતાં પણ હોંશિયાર છે. એણે એટલા માટે આવું કર્યું કે એ પપ્પાનું ધ્યાન રાખવા સતત એમની પાસે રહી શકે. એના આ ત્યાગ બદલ હું આટલો ત્યાગ કરું એ પણ ઓછું છે! એણે કદી શબ્દોમાં આ વાત નથી કરી પણ એના મનમાં જે ભાવ છે તમારા તરફ, એ હું કળી ગયો છું!”

ધીરેન, કનુભાઈ અને શ્રધ્ધા સજળ આંખે એને સાંભળતાં રહ્યાં ને કોસંબાની શેરીમાં સાંજ ઢળતી રહી!

(શીર્ષકપંક્તિઃ હેમંત મદ્રાસી )